
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુસ્તક ૩૩
અંક ૨ જો.
ભાદ્રપદ.

આત્મ સં. ૪૦
વીર સં. ૨૪૬૧
રૂ. ૧-૪-૦

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


૧ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત વીતરાગ સ્તુતિ.
ડો. ભગવાનદાસ મનસુખભાઇ. ૩૧

૨ સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણનો રચના સંવત. મુનિ શ્રી હિમાંશુવિજયજી. ૩૪

૩ પ્રતિબિંબ ... ... ( રા. સુશીલ ) ... ... ... ૪૨

૪ ચાર કષાયો ( મહાન્ તસ્કરો ) રા. રાજપાળ મગનલાલ વોરા. ૪૬

૫ આધ્યાત્મિક જીવન. ... અનુ૦અભ્યાસી ... ૫૦

૬ સ્વીકાર-સમાલોચના. ... ... ... ૫૪



## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર મોટી સાઇઝના ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી | ૦-૧૨-૦ |
| શ્રી કેસરીયાજી મહારાજ. | ૦-૮ ૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ. | ૦-૮-૦ |
| શ્રી પાર્શ્વનાથ પદ્માવતી. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી | ૦-૨-૦ |
| શ્રી નવપદ મંડળ | ૦-૪-૦ |
| શ્રી ગીરનારજી. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ. | ૦-૬-૦ |
| છ લેશ્યા. | ૦-૬-૦ |
| શ્રી મધુબિંદુ. | ૦-૬-૦ |
| પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે.** | ૨-૮-૦ |
| જંબૂદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| નવતત્વના ૧૧૫ ભેદનો નકશો.રંગીન | ૦-૨-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર રંગીન બહુજ મોટી સાઇઝ | ૦-૬-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર | ૦-૨-૦ |
| શ્રી ઘંટાકર્ણ યંત્ર | ૦-૪-૦ |

## સુંદર આર્ટપેપર ઉપર નવા તૈયાર થયેલા ફોટાઓ.

| | | |
|---|---|---|
| આદર્શ સભામાં ભરત ચક્રવર્તીને વૈરાગ્ય ( કેવળજ્ઞાન ) | સાઇઝ ૧૫×૨૦ | ૦-૮-૦ |
| જ્ઞાનબાજી વિવિધ રંગોથી શુદ્ધ સુંદર અક્ષરોથી છપાયેલ | ,, ૧૫×૨૦ | ૦-૮-૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६१. भाद्रपद. आत्म सं. ४०. { अंक २ जो.

## શ્રીમાન્ હેમચંદ્રાચાર્યવિરચિત વિતરાગસ્તવ-સ્તુતિ

### દ્વિતીય પ્રકાશ.

### જન્મ-સહજ *અતિશય વર્ણન.

ગીતિ.

[ ગતાંક પૃષ્ઠ ૨ થી શરૂ. ]

પદ્મરાગ[1] પ્રિયંગુ, અંજન સ્ફટિક સ્વર્ણ વર્ણ ધરનારી;
વિણધોયે શુચિ ત્હારી, કાયા ન કોને આકર્ષનારી ? ૧

* અન્ય સર્વથી અતિશાયી–ચઢીયાતો અસાધારણ ગુણવિભૂતિ તે અતિશય. Extraordinary quality surpassing all others. શ્રી તીર્થંકર દેવને જ્ઞાનાતિશય આદિ ચાર અથવા પ્રકારાંતરે ચોત્રીશ અતિશય વર્તે છે. તે આ પ્રકારેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદાર સુમનમાલા, સમા [2]અવાસિત સુગંધી જેહ સદા;
એવા તુજ અંગોમાં, સુરાંગનાના નયનો ભૃંગ થતા. ૨

દિવ્યામૃત રસસ્વાદથી, જાણે નષ્ટ અશેષ;
એવા રોગ-ઉરગ[3]તણો, તુજ અંગે ન પ્રવેશ. ૩

દર્પણતલ [4]પ્રતિબિંબનો, પ્રતિરૂપ તું નાથ;
સ્વેદ આર્દ્રતા નાશની, તુજ દેહે કયાં વાત. ૪.

---

" चउरो जम्मप्पभिई, इक्कारस कम्मसंखए जाए ।
नवदस य देवजणिए, चउत्तीसं अइसए वन्दे ॥ "

અર્થાત્—( ૧ ) જન્મથી માંડીને ચાર, ( ૨ ) કર્મક્ષયથી અગીયાર અને ( ૩ ) દેવકૃત ઓગણીશ,-એમ ચોત્રીશ અતિશયવંત ભગવંતને હું વંદું છું.

આ ત્રણ પ્રકારના અતિશય અત્રે અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા તથા પાંચમા પ્રકાશમાં વર્ણવ્યા છે.

૧. કોઇ તીર્થંકર દેવનો દેહવર્ણ પદ્મરાગ જેવો રાતો, કોઇનો પ્રિયંગુ જેવો લીલો, કોઇનો અંજન જેવો શ્યામ, કોઇનો સ્ફટિક સમો ધવલ, કોઇનો કનક જેવો પીળો હોય છે. આ પંચ વર્ણના નિર્દેશપૂર્વક અત્ર વર્ણન છે. કહ્યું છે કે:—

" वरकनकसंखविद्रुममरगयघणसन्निहं विगयमोहं ।
सत्तरिसयं जिणाणं सव्वामरपुइअं वन्दे ॥ " શ્રી તિજયપહુત્ત

૨. સુગંધી દ્રવ્યના સંસ્કારથી વાસિત થયા વિના સુગંધી,સહજ સુગંધી.

૩. પેટે ચાલે તે ઉરગ-સર્પ. અત્રે ભક્ત કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે દિવ્ય અમૃતરસના આસ્વાદજન્ય પુષ્ટિથી જાણે પ્રતિહત થયા હોય, પાછા હઠી ગયા હોય, વિષ ઉતરી ગયું હોય, એવા રોગરૂપ સર્પ ત્હારા શરીરમાં પ્રવેશ પણ કરતા નથી અર્થાત્ ત્હારો દેહ સર્વથા નીરોગી છે.

૪. અત્રે પ્રભુને દર્પણતલે પડતા પ્રતિબિંબની ઉપમા આપી છે. જેમ તે પ્રતિબિંબને બાહ્ય મલ આદિ સ્પર્શી શકતા નથી, તેમ પ્રભુને બાહ્યાભ્યંતર મલ આદિ સ્પર્શી શકતા નથી. તો પછી પ્રસ્વેદની ભીનાશ સુકાવાની વાત તો કયાં રહી ? અર્થાત્ પ્રભુનો દેહ પ્રસ્વેદ રહિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૫]રાગમુક્ત વીતરાગ! ના, મન કેવલ ભગવાન્!
રક્ત પણ તુજ દેહનું, છે ક્ષીરધાર સમાન. ૫

વિશ્વવિલક્ષણ[૬] અન્ય શું, વદવાને હું શક્ત?
માંસ પણ [૭]અબિભત્સ ને, શુભ્ર સુગંધિ પ્રશસ્ત. ૬

જલ-સ્થલમાં ઉપજેલ સૌ, છાંડી સુમનમાલ;
તુજ નિઃશ્વાસ સુગંધને, અનુસરે મધુકાર. ૭

લોકોત્તર તુજ ભવસ્થિતિ, ચમત્કાર કરનાર;
(કારણ) ચર્મચક્ષુ ગોચર નહિં, તુજ આહાર-નીહાર. ૮

॥ इति द्वितीय प्रकाशः ॥

ભગવાનદાસ મનસુખભાઇ મહેતા.

---

વળી જેમ દર્પણતલમાં પદાર્થ સ્વયં પ્રતિબિંબિત થાય છે તેમ ભગવંતના કેવલ્ય આદર્શમાં અનંત પર્યાયયુક્ત સકલ પદાર્થમાલા યુગપત્ પ્રતિબિંબિત થાય છે. કહ્યું છે કે:—

" तज्जयति परंज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ।
दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र ॥ "

**શ્રી પુરૂષાર્થસિદ્ધિ ઉપાય**

૫. રાગમુક્ત. શ્લેષ. (૧) રાગ-સ્નેહ-આસક્તિ રહિત, (૨) રાગ-રંગ વિનાનું, રતાશ વિનાનું અત્રે શ્લેષાલંકારપુર્વક મહાત્મા સ્તોત્રકાર વર્ણવે છે કે-" હે વીતરાગ! ત્હારૂં મન જ માત્ર રાગમુક્ત છે એમ નથી, પણ ત્હારા દેહનું લોહી પણ રાગમુક્ત છે ક્ષીર સમું ઉજ્વલ છે."

૬. જગતથી વિલક્ષણ-વિપરીત લક્ષણવાળું.
Exceptional, Extraordinary, superhuman.

૭. દુગંચ્છા-સૂગ ન ઉપજાવે એવું. અજુગુપ્સનીય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણનો રચના સંવત્

( લે૦—મુનિ૦ શ્રી હિમાંશુવિજયજી મહારાજ )

[ ગતાંક પૃષ્ઠ ૨૧ થી શરૂ ]

## હૈમવ્યાકરણ કેટલા ટાઇમમાં બન્યું ?

જેમ હેમાચાર્યે પોતાના આ વ્યાકરણના પ્રમાણ વિષે કાંઈ લખ્યું નથી તેમ તે કેટલા ટાઇમમાં કે કયારે બનાવ્યું તે વિષે પણ તેઓએ મૌન સેવ્યું છે. પ્રબંધચિંતામણિકાર આ સંપૂર્ણ વ્યાકરણ એક વર્ષમાં બનાવ્યાનું લખે છે.

## બન્ને બાબતોની આલોચના

હવે ઉપરનાં બન્ને કથનની આપણે પરીક્ષા કરવી પડશે. પહેલાં એ વિચારવું છે કે પ્ર. ચિં. માં કહેલ [1]સવા લાખ શ્લોક હૈમવ્યાકરણના મૂળના છે કે ન્યાસ વિગેરે ટીકા ગ્રંથના શ્લોકો પણ આ ગણતરીમાં ભેગા છે ? સૂત્ર વિગેરે પાંચ અંગો ( લઘુ અને મોટી વૃત્તિ સહિત ) કે જે અત્યારે ઉપલબ્ધ છે તેનું પ્રમાણ ૩૦૦૦૦ ત્રીસ હજાર શ્લોકોથી વધારે નથી એ ચોક્કસ છે, એટલે એ નક્કી છે કે પ્ર૦ ચિં૦ માં લખેલ સંખ્યા મૂળ અંગોની જ માત્ર નથી. ત્યારે સવા લાખ શ્લોકની પૂર્તિ કરવા તેમનો **'स्वोपज्ञबृहन्न्यास'** કે જેનું પરિમાણ પરંપરાથી ૯૦૦૦૦ નેવું હજાર શ્લોકનું કહેવાય છે, અને ધાતુપારાયણ વિગેરે વ્યાકરણના તેમના બીજા ગ્રંથોનો પણ સમાવેશ આમાં ( ૩૦૦૦૦ માં ) કરવો જોઇએ. એમ કરવાથી જ પ્ર. ચિં. માં કહેલ સવા લાખ શ્લોક પરિમાણની વાત સાચી ઠરી શકે. મૂળ પાંચ અંગો અને બૃહન્ન્યાસ વિગેરે ટીકા ગ્રંથોની બધી ગણતરી સવા લાખ શ્લોકની લગભગ થઈ શકે છે.

આ સવાલાખ શ્લોક એક જ વર્ષમાં બનાવ્યા હોય તેમ સંભવિત લાગતું નથી. જો કે હેમચન્દ્રાચાર્ય એક વિશિષ્ટ સમર્થ પ્રતિભાશાળી અને યુગપ્રવર્તક પંડિત હતા, પણ માનવીની લખવાની પ્રવૃત્તિ ક્રમસર જ થાય, તેમાં

---

૧ જો કે આ આખો ગ્રંથ શ્લોકબદ્ધ નથી, પદ્યમાં છે પણ અનુષ્ટુપના ૩૨ અક્ષર પ્રમાણનો એક શ્લોક ગણી ગ્રન્થનું પરિમાણ (માપ) લખવાની જૂની પદ્ધતિ છે. તે હિસાબે અહીં સવાલાખ શ્લોક સમજવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયની અપેક્ષા રહે એમ દરેકે માનવું જોઈએ. વળી તે વખતે હેમચન્દ્રાચાર્ય સિદ્ધરાજના પ્રેમભક્તિપાત્ર ખૂબ થયા હતા, એટલે તેમાં પણ તેમનો સમય જતો હશે. એ બધું જોતાં એક વર્ષમાં આ વ્યાકરણનાં સૂત્ર વિગેરે મૂળ પાંચ અંગોની જ રચના હેમાચાર્ય કરી શકયા હશે કે જેનું માપ ત્રીસેક હજાર શ્લોક જેટલું થાય છે, અને તેટલી રચના શકય પણ છે. વ્યાકરણની રચનાનો સંબંધ આ પાંચ અંગો સાથે જ મુખ્ય છે. ટીકા ગ્રંથો તો હેમાચાર્યે ન બનાવ્યા હોત તો પણ તેમનું વ્યાકરણ અધુરૂં ન કહેવાત. તે તો પાછળથી વિશેષ સાધન તરીકે બનાવેલા છે.

આ પ્રમાણે હેમાચાર્યે વ્યાકરણના પાંચે અંગોને એક વર્ષમાં બનાવી વિ. સં. ૧૧૯૩ નું વર્ષ પૂરૂં થતાં સિદ્ધરાજને આ વ્યાકરણ અર્પણ કર્યું. આ સંપૂર્ણ વ્યાકરણથી રાજાને અપાર હર્ષ થયો તેનો વરઘોડો કાઢયો અને રાજાના ભંડારમાં આ વ્યાકરણગ્રંથને મૂકયો, પ્ર. ચિં. માં લખેલ વ્યાકરણ રચનાનો એક વર્ષ જેટલો કાળ ૩૦૦૦૦ શ્લોક જેટલા મૂળ ભાગ માટે જ સમજવો જોઇએ, એવો મારો મત છે.

## વ્યાકરણ બન્યા પછી

સિદ્ધરાજ શૈવધર્મમાં માનનારો હતો. હેમાચાર્ય જૈન ધર્મના આચાર્ય હતા. તેમ સિદ્ધરાજ પાસે અનેક પંડિતો, વધતી જતી હેમાચાર્યની કીર્તિને સાંખી શકતા ન હતા. તેઓ અવારનવાર સાચી જૂઠી હેમાચાર્યની નિંદા કરી રાજાના કાન ભરતા હતા. આવી પરિસ્થિતિમાં સિદ્ધરાજ, હેમાચાર્યના ગ્રંથની સંપૂર્ણ પરીક્ષા કર્યા વગર જ તેનો પ્રચાર કરે, તેની મુક્ત કંઠે પ્રશંસા કરે; તે માટે પુષ્કળ ધનવ્યય કરે એ નહિ બનવા જેવું છે. એટલે પ્રસ્તુત વ્યાકરણની [1]રાજાએ પોતાના અજૈન પંડિતો પાસે ખૂબ પરીક્ષા કરાવી. સંપૂર્ણ રીતે તેનું પારાયણ અને વાંચન કરાવ્યું. પંડિતોએ ખંતપૂર્વક પરીક્ષક દૃષ્ટિએ તેનું પૂર્ણ રીતે અવલોકન કર્યા પછી તેમાં વૈદિક ધર્મ-સમાજ રાષ્ટ્ર અને વ્યાકરણાદિ શાસ્ત્રોની દૃષ્ટિથી કોઇ બાધ તેમને જણાયો નહિ એટલે રાજાને તેઓએ સદર ગ્રન્થ વિષે સારામાં સારો મત આપ્યો. એથી સિદ્ધરાજનો હર્ષ વધ્યો. હેમાચાર્યની ઉદારતા અને વિદ્વત્તા ઉપર તેની શ્રદ્ધા સજ્જડ થઇ. રાજાએ

१. राज्ञः पुरः पुरोगैश्च विद्वद्भिर्वाचितं ततः । चक्रे वर्षत्रयेणैव राज्ञा पुस्तकलेखनम् ॥ १०३ ॥ राजादेशान्नियुक्तैश्च सर्वस्थानेभ्य उद्यतैः । तदा चाहूय सच्चक्रे लेखकानां शतत्रयम् ॥ १०४ ॥ પ્રભાવક ચરિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણસો લહિયાઓ પાસે તેની સંખ્યાબંધ નકલો કરાવી સર્વત્ર તેનો પ્રચાર કર્યો. પ્રભાવક ચ૦ વિગેરે ગ્રંથોથી જણાય છે કે આ બધાં કાર્યોમાં ત્રણ વર્ષો વીતી ગયાં. મને પણ આ વાત સાચી અને સંભવિત લાગે છે. એટલે વિ. સં. ૧૧૯૬ ના છેલ્લા ભાગમાં આ વ્યાકરણનું રીતસર અધ્યયન અધ્યાપન ચાલ્યું હશે, અને આનો પ્રચાર રાજાદ્વારા દેશ-વિદેશમાં થયો હશે. જો કે કમનસીબે સિદ્ધરાજના રાજકાળમાં ત્રણ જ વર્ષ આના પ્રચાર માટે અવશિષ્ટ રહ્યાં[૨] પણ તેના ઉત્તરાધિકારી કુમારપાલ રાજા પણ દેશ–વિદ્યા અને હેમચન્દ્રાચાર્યનો પરમ ભક્ત હોવાથી સિદ્ધરાજ જયસિંહ પછી તેના રાજ્યમાં પણ આનો પ્રચાર અટકયો નહિ.

## હૈમબૃહત્ ન્યાસની રચના કયારે થઈ ?

પહેલાં હેમચન્દ્રાચાર્યે વ્યાકરણના મૂળ અંગો બનાવી રાજાને આપ્યાં. પોતાના વ્યાકરણનો જગત્માં સારો પ્રચાર અને આદર જાણી હેમાચાર્યને તે ઉપર બીજાં વધુ સાધનો તૈયાર કરી ગૂજરાત અને પોતાની કીર્તિ ફેલાવવાની તમન્ના જાગી તેથી પોતાની બૃહદ્વૃત્તિ કે જેનું પરિમાણ ૧૮૦૦૦ શ્લોકનું કહેવાય છે, તેના પ્રત્યેક શબ્દ ઉપર લંબાણથી તેમણે ટીકા બનાવી. આનું જ નામ **બહન્ન્યાસ** છે.

આ ન્યાસનો થોડો ભાગ (પહેલા પાદના ૩૮ સૂત્રો. ૧–૧–૩૮ જેટલો પં૦ ભગવાનદાસસંપાદિત ) બહાર પડયો છે, તે જોતાં વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ તે અતિ મહત્વનો જણાય છે. મૂળસૂત્ર અને બૃહદ્વૃત્તિની દરેક બાબતનો આમાં ઘણા ઉંડાણથી અને વિસ્તારથી વિચાર કર્યો છે. શાસ્ત્રાર્થ અને તેના ખુલાસા પણ કર્યા છે. અનેક પ્રાચીન અને તત્કાલીન ગ્રંથકારો અને ગ્રંથોના મતોના ઉલ્લેખો કરી તે ઉપર સમાલોચના કરી છે. આનું પ્રમાણ ૯૦૦૦૦ નેવું હજાર શ્લોક જેટલું મનાય છે, જો તે છપાય તો **પાતંજલ મહભાષ્યની** જેમ આનાથી પણ વ્યાકરણ માટે ઘણું જાણવાનું મળે–નવો પ્રકાશ પડે. જો કે આની રચનાનો પણ ચોકકસ સમય જાણી શકાતો નથી. મૂળ વ્યાકરણના પાંચે અંગો પછી એટલે કે વિ. સં. ૧૧૯૩ બાદ ગમે ત્યારે **કાવ્યાનુશાસન** હેમાચાર્યે બનાવ્યું અને તે બન્યા પછી જ

૨. સિદ્ધરાજનો વિ. સં. ૧૧૯૯ માં સ્વર્ગવાસ થયો. કુમારપાળનો રાજ્યકાળ ૧૧૯૯ થી ૧૨૩૦ વિક્રમ સંવત્ સુધીનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૈમન્યાસની રચના થઇ છે. મૂળ **કાવ્યાનુશાસન** ( અલંકાર ચૂડામણિ ) ની રચના તેમના વ્યાકરણ પછી થઇ છે અને તે પછી જ આ **બૃહન્ન્યાસ** લખાયો છે એમ પણ મારું દૃઢ મંતવ્ય છે. જો કે આ વાત કોઇપિણ લેખકે લખી નથી, એટલે ઘણા લોકોને નવી લાગશે, પણ પ્રસ્તુત ન્યાસનું અવલોકન કરતાં મને તેમાં સબળ પ્રમાણ મળ્યું છે, તેથી હું ભાર દઇને લખું છું. **હૈમવ્યાકરણના** " **सविशेषणमाख्यातं वाक्यम्** ૧-૧-૨૬" ના સૂત્રની બૃહદ્વૃત્તિના હેમાચાર્યકૃત આ **બૃહન્યાસ**માં તેમના **અલંકારચૂડા**-મણિ (કાવ્યાનુશાસન) ના સૂત્રનો ઉતારો આવ્યો છે, તે આ પ્રમાણ છેઃ--

" **यदाह स्वोपज्ञालङ्कारचूडामणौ–वक्त्रादिवैशिष्ट्यादर्थस्यापि मुख्यामुख्यात्मनो व्यञ्जकत्वम्** " (જુઓ પં. ભ. સંપાદિત બૃહન્ન્યાસનું પેજ ૩૫) જે સૂત્રનો અહીં તેમણે ઉતારો કર્યો છે તે સૂત્ર તેના (હેમાચાર્યના) **કાવ્યાનુશાસન**માં (નિર્ણયસાગરની [1]આવૃત્તિ પૃ. ૩૫માં) હાલ મળે છે તેમ કાવ્યાનુશાસનમાં હૈમવ્યાકરણનો નિર્દેશ છે; તેથી એ નક્કી છે કે **આ બૃહન્યાસની રચના કાવ્યાનુશાસન (અલંકારચૂડામણિ) ની બાદ થઇ છે.**

સદરહુ ન્યાસના છપાએલ ભાગમાં દ્વયાશ્રય વિષે કાંઇ ઉલ્લેખ નથી તેણે દ્વયાશ્રયમાં પણ તેનો રચ્યા સંવત્ નથી તેથી હું નિશ્ચયાત્મક એ નથી કહી શકતો કે સંસ્કૃત દ્વયાશ્રયની રચના પ્રસ્તુત ન્યાસની પહેલાં કે પછી થઇ છે. આ કાવ્ય કે જેમાં હૈમવ્યાકરણના બધાંય સં૦ સૂત્રોના પ્રયોગોને હેમાચાર્યે કુશળતાપૂર્વક ક્રમસર ગોઠવ્યા છે તેનો સંબંધ હૈમવ્યાકરણ સાથે ઘણો નજીકનો છે, અને સાથે સાથે સિદ્ધરાજ સુધી ચૌલુક્ય વંશના ઉજ્વલ ઇતિહાસને મજકુર દ્વયાશ્રય કાવ્યમાં લિપિબદ્ધ કર્યો છે; [1]તેથી એ કલ્પના થઇ શકવી અસંભવિત નથી કે કદાચ ન્યાસની પહેલાં પણ સંસ્કૃત દ્વયાશ્રય કાવ્ય (યશોવર્માને હરાવ્યા સુધી ૧૫ સર્ગ સુધી) બનાવી સિદ્ધરાજને હેમા-ચાર્યે બતાવ્યું હોય; પણ આ હું ફક્ત કલ્પનાથી કહું છું. હેમાચાર્યના બધા ગ્રંથો વિષે પૌર્વાપર્યનો ક્રમ નક્કી કરવા માટે તો તેમના સઘળા ગ્રંથોનું ઉંડું અધ્યયન કરવું આવશ્યક છે.

૧ હેમાચાર્યે પોતાના વ્યાકરણની સિદ્ધિ માટે **ભટ્ટિકાવ્ય** જેવાં બે કાવ્યો બનાવ્યાં છે. સંસ્કૃત માટે વીસ સર્ગનું સંસ્કૃત અને પ્રાકૃતાદિ દ્વયાશ્રય માટે પ્રાકૃતદ્વયાશ્રય આઠ સર્ગનું બનાવ્યું છે. સંસ્કૃતના છેલ્લા પાંચ સર્ગ તથા આખા પ્રાકૃતદ્વયાશ્રય ( કુમારપાળ ચરિત્ર ) ની રચના બારમી સદી પૂરી થયા બાદ થઇ છે. આ બન્ને કાવ્યો ગૂજરાતના ઇતિહાસ માટે મહત્ત્વનાં છે. મુંબઇ ગવર્મેન્ટ સંસ્થાએ છપાવ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સોમેશ્વર અને શત્રુંજયની યાત્રા.

સિદ્ધરાજે સોમેશ્વર વિગેરેની છેલ્લી યાત્રા બહુ ઠાઠથી કરી હતી તેવા ઉલ્લેખો અન્યાન્ય ગ્રંથોમાં આવે છે, પણ તેનો સંવત્ જડતો નથી. તે વખતે સંવત્ આપવાની પદ્ધતિ બહુ પ્રચારમાં આવી ન હતી, તેથી જ તે સમયના અનેક મહત્ત્વના બનાવોના સંવત્, માસ કે દિવસોના ઉલ્લેખો ઐતિહાસિક ગ્રંથોમાં પણ બહુ જ ઓછા મળે છે.

હેમચન્દ્રાચાર્ય કે જેઓ સિદ્ધરાજના પ્રિય ગુરૂ અથવા જ્ઞાનગોષ્ઠીના મિત્ર હતા, અને ચૌલુક્ય વંશના ઇતિહાસના મુખ્ય લેખક હતા તેમણે [૨]દ્વયાશ્રયમાં **યશોવર્માને** હરાવ્યા પછીના લખાણમાં સોમેશ્વર, શત્રુંજય વિગેરેની યાત્રાનું વર્ણન કર્યું છે. પ્રબંધચિંતામણિકાર યશોવર્માને જીત્યા પહેલાં એક સોમેશ્વરની યાત્રાનો ઉલ્લેખ કરે છે, પણ તે મીનળદેવીના નિમિત્તે કરેલ યાત્રા હોવી જોઇએ, જે સિદ્ધરાજની યુવાવસ્થામાં થઇ હતી. માળવાને જીત્યા પછી ફરી બીજી વાર રાજા વધુ ઠાઠથી વૈદિક અને જૈનોનાં મોટાં તીર્થો (સોમેશ્વર, શત્રુંજય, ગિરનાર) ની યાત્રા કરવા ગયો હતો એ માનવા જેવી બાબત છે. તેનું કારણ એ છે કે-રાજા માળવાની જિતથી બહુજ પ્રસન્ન થયો હતો. તેનું રાજ્ય દરેક રીતે વધ્યું હતું. તે વૃદ્ધ, ધર્મપ્રેમી અને કૃતકૃત્ય પણ થયો હતો, તેથી તેનામાં ધર્મતીર્થોની યાત્રા કરવાની વૃત્તિ જાગે એ ધર્મ-પ્રધાન ભારતીય રાજાઓ માટે તદ્દન સંભવિત છે. દ્વયાશ્રયમાં આ યાત્રાની તારીખ કે તેનું વર્ષ નથી લખ્યું પણ મારી કલ્પના પ્રમાણે હેમચાર્યના સંપૂર્ણ મૂળ પંચાંગી **સિદ્ધહેમચંદ્ર** વ્યાકરણની રચના પૂરી થયા પછી જ આ યાત્રા સિદ્ધરાજે કરી હશે.

હેમચન્દ્રાચાર્યને સિદ્ધરાજ જયસિંહે પ્રાર્થના કરી વ્યાકરણ બનાવવાના કામનાં રોકયા હતા. આવું મહત્ત્વપુર્ણ કાર્ય કે જે સંપૂર્ણ મનોયોગ-પુર્વક સ્થિરવાસમાં જ કરી શકાય એ વાત રાજા પણ સારી પેઠે જાણતો હતો, તેથી પોતાના હિતકારી આચાર્યના તેવા કાર્યમાં વિઘ્ન નાખવાની પ્રવૃત્તિ તે રાજા કરી શકે નહિ. બીજી બાજુ હેમાચાર્ય ઉપર તેનો સ્નેહ પણ વધી ગયો હતો. પોતે વિદ્યાનો પ્રેમી હોઇ કરી યાત્રા જેવી ધાર્મિક મુસાફરીમાં હેમાચાર્યને સાથે લેવા તેણે અવશ્ય ઇચ્છયું હશે, એ દૃષ્ટિએ હેમાચાર્યે વ્યાક-

૨ જુઓ ચૌદમા અને પંદરમા સર્ગમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણના મૂળ પાંચે અંગો પુરાં કર્યાં પહેલાં સિદ્ધરાજે યાત્રાનો પ્રારંભ નહિ જ કર્યો હોય. વ્યાકરણ પુરું થયા પછી પંડિતોને તેની પરીક્ષા માટે સોંપી સિદ્ધરાજે વિક્રમ સંવત્ ૧૧૯૩ પછી જ વૈદિક અને જૈનતીર્થોની યાત્રા કરી હશે.

બીજી બાબત એ છે કે જૈન તીર્થોની યાત્રા કરવા રાજા ગયો એમ જ્યારે પોતે હેમચંદ્ર જ લખે છે, તો તે વખતે હેમચંદ્ર વગર રાજા ગયો હશે એ કેમ બની શકે? તેમ હેમચન્દ્ર પણ સાથે રહી ધર્મપ્રભાવના કરવાનો આવો લાભ કેમ છોડે? વળી કેટલાક પ્રબંધો સોમેશ્વરની યાત્રા વખતે [2]હેમચન્દ્રાચાર્યની હાજરી સ્પષ્ટ રીતે પૂરવાર કરે છે, તેથી એમ માનવું કાંઇ વાંધાભર્યું નથી કે ૧૧૯૩ પછી જ સિદ્ધરાજ જયસિંહે આ તીર્થયાત્રા કરી હતી અને હેમાચાર્ય પણ તેની સાથે હતા.

હવે આ યાત્રા કયા વર્ષે કરી તે ચોક્કસ રીતે જો કે કહેવાની હિમ્મત નહિ કરી શકાય પણ સિદ્ધરાજનાં જીવનના છેલ્લા પ્રસંગમાં તે થઇ છે એવું અનુમાન દ્વયાશ્રય કાવ્યના વર્ણનથી સ્પષ્ટ કરી શકાય છે; કેમકે આ યાત્રાથી પાછા ફર્યા પછી સિદ્ધરાજે વધુ કાર્યો કર્યાં નથી. તેની જીંદગી ત્રણ વર્ષથી વધારે ટકી નથી એમ સ્પષ્ટ જણાય છે. એ હિસાબ મુજબ વિ. સં. ૧૧૯૬ ના લગભગ રાજાએ યાત્રા માટે પ્રયાણ કર્યું હોવું જોઇએ.

ડૉ. બુહ્‌લરનું કહેવું છે કે "હેમાચાર્યે પોતાના વ્યાકરણની પૂર્તિ રાજાએ સોમેશ્વર વિગેરેની યાત્રા પૂરી કર્યા પછી કરી હશે, યાત્રા કર્યા પહેલાં તેની પૂર્તિ માનવામાં આ વ્યાકરણની પ્રશસ્તિના ૨૩ મા શ્લોકથી વાંધો ઉભો થાય છે." જે ૨૩ મા શ્લોકથી તે ડૉ. બુહલર વાંધો (વિરોધ) સમજે છે તે શ્લોક આ છેઃ—

जयस्तम्भान् सीमन्यनुजलधिवेलं निहितवान्
वितानैर्ब्रह्माण्डं शुचिगुणगरिष्ठैः पिहितवान् ।

---

૧ બન્ને ધર્મના તીર્થોની યાત્રા રાજાએ એક જ સાથે કરી હતી. પબંધ ચિં. પ્ર. ચ. અને બીજા પણ જૂના—નવા ગ્રંથો થોડા ફેરફારથી પ્રસ્તુત યાત્રાનો ઉલ્લેખ કરે છે.

૨ જુઓ પ્રભાવક ચરિત્રમાં હેમચન્દ્રાચાર્ય ચરિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यशस्तेजोरूपैरलिपत जगन्त्यर्धघुसृणैः
कृतो यात्रानन्दो विरमति न किं सिद्धनृपतिः ? ॥२३॥

આ શ્લોકમાં " **कृतो यात्रानन्दः** " વાકયથી બુહ્લર, સિદ્ધરાજે કરેલી છેલ્લી સોમેશ્વર વિગેરેની યાત્રા સમજે છે, તેથી તે સદરહુ હૈમવ્યાકરણની રચના તે યાત્રા પછી એટલે કે વિ. સં. ૧૧૯૭ પછી કલ્પે છે.

## ડૉ. બુહલરના મતની સમાલોચના

જે ૨૩ મા શ્લોકથી ડૉ. બુહલરે વ્યાકરણની પૂર્તિ સોમેશ્વરની યાત્રા પછી કલ્પી છે તે શ્લોકનો તેઓ અર્થ ઉલ્ટી રીતે સમજ્યા છે. ઉક્ત શ્લોકમાં રાજાની યુદ્ધયાત્રાના ઉત્સવનું વર્ણન છે; તીર્થયાત્રાનું નહિ. " આ સમુદ્રના કાંઠા સુધી સિદ્ધરાજે જયસ્થંભો રોપ્યા. પવિત્ર–ઉજ્વલ ગુણરૂપી ચંદરવાથી જગત્‌ને ઢાંકયું. યશ અને પ્રતાપરૂપી કેસરથી સમસ્ત જગતને આછો લેપ કર્યો–પીળું બનાવ્યું. આ પ્રમાણે યાત્રોત્સવ–યુદ્ધનો ઉત્સવ કર્યો છતાં હજુ સિદ્ધરાજ કેમ વિરમતો નથી ? શત્રુઓ ઉપર મીઠી નજર કેમ રાખતો નથી ?" ઉત્સવમાં થાંભલા, ચંદરવા અને કેસરનો ઉપયોગ થાય છે, આ પદ્યમાં રૂપક બનાવી તે બધું ઘટાવ્યું છે. ઉક્ત પદ્યનો આવો અર્થ કરવો મને ઠીક લાગે છે. જો ડૉ. બુહ્લરની કલ્પનાથી '**यात्रानन्दः**' નો અર્થ આપણે સોમેશ્વરની છેલ્લી યાત્રાનો અર્થ કરી હૈમવ્યાકરણની પૂર્તિ સં. ૧૧૯૭ પછી માનીએ તો આપણને અનેક શંકાઓ અને મુશ્કેલીઓ નડે છે. તેમાંની કેટલીક અહીં લખું છું:—

૧ વ્યાકરણ બન્યા પછી સિદ્ધરાજે રાજપંડિતો પાસે તેને સંપૂર્ણ વંચાવી તેણે પરીક્ષા કરાવવામાં જે સમય કાઢ્યો તે ઘટી શકે નહિ કે જે પરીક્ષા કરાવવાની વાત આપણને સાવ સાચી જેવી જણાય છે.

૨ તેની સેંકડો નકલો કરાવવામાં અને પૂર્વોક્ત કાર્યમાં ત્રણ વર્ષ વીત્યાની પ્રભાવકચરિત્રની વાત ઘટે નહિ, કેમકે સિદ્ધરાજનું મૃત્યુ સં. ૧૧૯૯ માં થયું છે એમાં કોઇનો ય મતભેદ નથી.

૩ વ્યાકરણના પ્રચાર માટે સિદ્ધરાજે જે મદદ આપી, મહેનત લીધી તેને માટે ચાર વર્ષથી ઓછો સમય માનવો પડે કે જે ઠીક નથી લાગતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ હેમચંદ્રાચાર્યની હાજરી સોમેશ્વરની છેલ્લી યાત્રામાં બધા ગ્રંથો કહે છે, તેને કાઢી નાખવી પડે, કે જે કાઢવી ઈતિહાસથી વિરૂદ્ધ જણાય છે, અને ડૉ. બુહ્‌લર પણ તે કાઢી નાખવી પસંદ ન જ કરે. એ બધી બાબતો જોતાં હું એવા વિચાર ઉપર આવ્યો છું કે સોમેશ્વરની યાત્રાએ જતાં પહેલાં જ હેમાચાર્યે વ્યાકરણ પૂરું કર્યું હતું.

## તારણ

આ આખાય લેખનું તારણ એ છે કે માલવાના રાજા યશોવર્માને જીતીને આવ્યા પછી અને સોમેશ્વર, ગિરનાર તથા શત્રુંજયાદિ વૈદિક, જૈન તીર્થોની છેલ્લી યાત્રા કર્યા પહેલાં ગુજરાતના રાજાધિરાજ **સિદ્ધરાજ જયસિંહે શ્રી હેમચન્દ્રાચાર્યને પ્રાર્થના કરી ગુજરાતના ગૌરવને વધારવા માટે વિ. સં. ૧૧૯૩ ના છેડા ઉપર સિદ્ધ-હેમચન્દ્ર શબ્દાનુશાસન નામનું વ્યાકરણ બનાવરાવ્યું** અને વિ. સં. ૧૧૯૬ પછી સિદ્ધરાજે તેનો અનેક રીતે પ્રચાર કર્યો. હૈમ ન્યાસ વિગેરે વ્યાકરણના ટીકા ગ્રંથો તેની પાછળ બન્યા છે.

**આ** લેખમાં હૈમ બૃહન્ન્યાસ, હૈમ કાવ્યાનુશાસન અને દ્વયાશ્રય કાવ્યનો પણ પ્રસંગોપાત વિચાર કરવામાં આવ્યો છે.

**આ** વિષય વિષમ છે. સાધનો ઓછાં છે તેથી ઘણુંખરૂં કામ કલ્પનાથી લઇ મારી અત્યલ્પ મતિથી મેં અહીં ટૂંકમાં વિચાર કર્યો છે, મારો મત દર્શાવ્યો છે. તે સંપૂર્ણ સાચો જ છે એમ હું દાવો નથી કરતો. સજ્જડ યુક્તિ અને પ્રમાણોથી મારા મતનું ખંડન કરવા હરકોઇને હું પ્રાર્થું છું. તેનું સાચી રીતે ખંડન થતાં હું મારા મતને ફેરવવા વિલંબ કે સંકોચ નહિ કરું એમ ખાત્રી આપું છું. ગૂજરાતના સાક્ષરો એ વિષે વધુ મૌલિક અને સ્પષ્ટ વિચારો પ્રકટ કરે એમ ઇચ્છી હું વિરમું છું.

લેખકઃ— **મુનિ હિમાંશુવિજય** ન્યાય-કાવ્યતીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

[ સુશીલ ]

શ્રી વિધુશેખર શાસ્ત્રીજીનો "ભારતીય દર્શનોની પ્રધાન ધારાઓ" એ શિર્ષક એક લેખ પ્રગટ થયો છે. ગુજરાતના કેટલાક વાચકોને શ્રી શાસ્ત્રીજીનું નામ કદાચ નવીન લાગશે, એટલે એમનો થોડો પરિચય આપવાની અહીં જરૂર રહે છે.

શ્રી વિધુશેખર શાસ્ત્રી, વૈદિક તેમજ બૌદ્ધ સાહિત્યના ઘણા સારા અભ્યાસી છે. સંસ્કૃત તથા પાલી જેવી પ્રાચીન ભાષાના પારંગત છે. દર્શનશાસ્ત્ર એમનો પ્રિય વિષય છે. આજસુધીમાં એમણે ભાષા તથા દર્શન વિષે ઘણા મૌલિક નિબંધો લખ્યા છે. તે ઉપરાંત તેઓ શાંતિનિકેતનમાં–વિશ્વ ભારતીના મુખ્ય આચાર્યનું પદ શોભાવે છે. એમની શૈલી પણ એટલી સરળ, આગ્રહ રહિત અને તુલનાત્મક છે કે કોઇ પણ મતવાદીને એમનું પ્રતિપાદન રોચક થયા વિના ન રહે.

પ્રસ્તુત લેખ, એમણે ભારતીય દર્શનની વિવિધ ધારાઓનું પૃથક્કરણ કરવાના આશયથી લખ્યો છે. ભારતીય દર્શનોનો સમુચ્ચય એટલે એક ગંભીર જળાશય એમ કહીએ તો ચાલે. જુદી જુદી નીકો દ્વારા એ જળાશયમાં દાર્શનિકતાનાં નીર ઠલવાયાં છે. તળાવમાં પાણીની આવકના એક–બે નહીં, અસંખ્ય માર્ગ હોય છે; પણ એમાં મુખ્ય નીક કઇ ? કઇ નીકમાંથી વધુમાં વધુ પાણી આવે છે તે શોધી કાઢવું સહજ નથી.

કોઇ એક શિખર ઉપર ઉભા રહી, નદી અને સાગરનો સંગમ નીહાળીએ તેમ શ્રી શાસ્ત્રીજી દર્શનના મહાસાગરમાં જુદી જુદી નદીઓના પ્રવાહ ઠલવાતા જુવે છે. આમાં મુખ્ય પ્રવાહ કયાંથી આવે છે તે બતાવવા તેઓ દર્શનોના આદિ યુગ તરફ આપણી નજર વાળે છે. અને તેઓ જે પ્રતિપાદન કરે છે તે જોતાં તો જૈનદર્શન જ સિંધુ, ગંગા કે યમુનાની જેમ પોતાનું વિચાર–પુર દર્શન–સાગરમાં ઠલવતું હોય એમ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતની પાંચ–દશ જેટલી પંક્તિઓમાં, શાસ્ત્રીજી, આત્માની શોધ શી રીતે થવા પામી હશે, તેનો કંઇક ચિતાર આપે છે. પોતાને જાણ્યા સિવાય, અન્યને જાણવાનું જ્યારે નિષ્ફળ બન્યું ત્યારે પ્રથમ દ્રષ્ટાએ આત્મા જેવી વસ્તુ સ્વીકારી અને પહેલવહેલી વિચારધારા એ રીતે અસ્તિત્વમાં આવી.

અહીં સ્પષ્ટપણે શાસ્ત્રીજી જૈન દાર્શનિક માનીનતાનો ઉલ્લેખ કરે છે, અને તે પછી એ માનીનતા ઉપર જ સરસ વિવેચન ઉમેરે છે. એમના પોતાના શબ્દોમાં એ હકીકત વાંચવા જેવી હોવાથી અહીં તેનું થોડું અવતરણ આપું:—

" જૈન દાર્શનિકોએ ઉચ્ચાર્યું: જે એકને જાણે છે તે સર્વને જાણે છે, અને જે સર્વ જાણે છે તે એકને જાણે છે.

અનેકની તો કોઇ સંખ્યા જ નથી, સીમા જ નથી; એટલે એકને જાણ્યા પછી અનેકને જાણવામાં ઘણી સરળતા લાગે છે. કોઇ જીજ્ઞાસુ પૂછે કે વિશ્વ-સમસ્તને જાણવાનો કોઈ રાજમાર્ગ છે ? તો એનો ઉત્તર એટલો જ કે પહેલાં આત્માને ઓળખો: આત્માને ઓળખ્યા પછી બીજી વસ્તુઓ આપોઆપ સમજાશે."

આત્માને ઓળખવો અને આત્મા જ આનંદ તથા સુખનું એક માત્ર ધામ છે એ દર્શનશાસ્ત્રની મુખ્ય ધારા બની. પછી એમાં બીજી વિચારધારાઓ ઉમેરાતી ચાલી.

આત્મા છે અને આત્મા આનંદરૂપ છે એમ કહેવાથી બધું આવી જતું નથી. આત્મા અને આનંદના યોગનું બરાબર રક્ષણ થવું જોઇએ. એટલે આત્મા અને આનંદની સાથે નિત્યપણાનો સંબંધ શોધાયો.

બૌદ્ધ દાર્શનિકોએ એ જ વાત જરા ફેરવીને કહી. એમણે કહ્યું: આત્મા જેવું કંઇ નથી, બધું દુ:ખમય છે અને અનિત્ય છે. આ વિચારધારા જૈનાદિ દર્શનકારોથી ઉલટી છે, પણ તે એક જ સ્થાન ઉપર પહોંચતી હોવાનું શાસ્ત્રીજી કહે છે. આપણે એ વાત ઉપસંહારમાં જોઇશું.

આત્મા છે, આત્મા આનંદમય છે અને આત્મા નિત્ય છે એ સૂત્ર શોધાયા પછી, એને અનુસરતો યુક્તિવાદ આરંભાયો. કોઇ પણ શોધક કે જીજ્ઞાસુને યુક્તિ વિના સંતોષ ન થાય. આત્મા છે, તો વસ્તુતઃ એનું સ્વરૂપ શું ? આત્માના અસ્તિત્વનું પ્રમાણ શું ? આત્માનું અંતિમ લક્ષ્ય શું ? આવા અનેકાનેક પ્રશ્નો ઘોળાવા લાગ્યા. એ પ્રશ્નોની ચર્ચા અને નિરાકરણે ભારતમાં વિવિધ દર્શનો જન્માવ્યાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુક્તિવાદ માણુસ માગે છે ખરો, પણ તે સંસ્કાર અને શ્રદ્ધાથી એવો ઘેરાયેલો રહે છે કે સ્હેજે એમાંથી છુટી શકતો નથી. એક તરફ યુક્તિ અને બીજી તરફ સંસ્કાર તેમજ વિશ્વાસ એ બન્ને વચ્ચે, પછી તો, દ્વંદ્વયુદ્ધ ચાલે છે. યુક્તિ ઉત્તરમાં ખેંચી જાય તો સંસ્કાર અને શ્રદ્ધા દક્ષિણ તરફ ઘસડી જવા મથે છે. કોઇ કોઇ વાર આવા પ્રસંગે વચલો તોડ કાઢવો પડે છે તો કોઇ વાર પ્રબળની જીત અને દુર્બળની હાર પણ થાય છે. યુકિત બળવાન હોય તો તે બાજી જીતી જાય અને સંસ્કાર બળવાન હોય તો મનુષ્ય તે તરફ ઝૂકે.

"આત્માને ઓળખો" એવી મતલબની જૈન દર્શને સિંહગર્જના કરી તે વખતે, તે જમાનો યજ્ઞ-યાગના ક્રિયાકાંડમાં ગળા સુધી ડૂબેલો હતો. આ યજ્ઞના હીમાયતીઓ કહેતા કે જ્યાં દુઃખનો છાંટો નથી તેવા કોઇ સ્થાનમાં જવું હોય-લાંબા વખતને માટે ત્યાં રહેવું હોય તો જ્યોતિષ્ટોમ યા તો વિશ્વજિત યજ્ઞનો આશ્રય લો. મતલબ કે યજ્ઞ કરવાથી તમને સ્વર્ગનું સુખ મળશે.

યજ્ઞયાગના સંસ્કારથી-વિશ્વાસથી ઘેરાયેલા આદમીને સ્વર્ગનો એ રાહ ગમી જાય એ સ્વાભાવિક છે. ઓછા પ્રયત્ને સંપૂર્ણ સુખ અને અમરતા મળતી હોય તો વધુ કડાકૂટમાં કોણ ઉતરે ? યાજ્ઞિકોએ જુદા જુદા યજ્ઞના વિધિ અને મનોહર ફળનાં એવાં વર્ણન ઉપજાવી કાઢ્યાં કે લોકોને એમ લાગ્યું કે યજ્ઞ સિવાય શાશ્વત સુખનો બીજો કોઇ માર્ગ નથી અને હોય તો પણ બીજા માર્ગો એટલા વિકટ છે કે પરંપરાથી ચાલ્યો આવતો આ માર્ગ છોડવા જેવો તો નથી જ.

પણ કોઇ યુગમાં બધા જ બાળજીવો હોય-બધા જ ગતાનુગતિકો હોય એમ નથી બનતું જીજ્ઞાસુ અને વિચારક પણ હોય છે. એમને પગલે પગલે શંકાઓ મુંઝવે છેઃ "પૂર્વ તરફ મ્હોં રાખીને જ આ યજ્ઞક્રિયા શા માટે કરવી ? યજ્ઞની વેદીનો આકાર અમુક પ્રકારનો જ શા માટે જોઇએ ? એ વિધિ ન પાળીએ તો કયો મ્હોટો અનર્થ થઇ જવાનો હતો ?" યજ્ઞવાદીઓ એ શંકાનો જે જવાબ વાળતા તેમાં જીજ્ઞાસુઓને યુક્તિવાદને નામે મોટું મીંડુ જ હાથ લાગતું. યજ્ઞવાદીઓનો યુક્તિવાદ વસ્તુતઃ યુક્તિવાદ જ ન હતો. યુક્તિમાં સંપૂર્ણ સ્વાધીનતા હોવી જોઇએ તે તેઓ કયાંથી લાવે ? શ્રુતિ એટલે કે આ પ્રકારે અમે સાંભળ્યું છે અથવા અમુક વિધિ અમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેઢી દરપેઢી સાંભળતા આવ્યા છીએ માટે તેનું જ અનુસરણ કરવું જોઇએ, એ એમના યુક્તિવાદનો મુખ્ય આધાર બન્યો.

જીજ્ઞાસુઓએ–વિચારકોએ પૂછવા માંડયું: " યજ્ઞથી અમુક ફળ મળે એમ તમે કહો છો, પણ તેમાં પ્રમાણ શું છે ? "

જવાબ મળ્યો: " બીજું શું ? શ્રુતિ, એટલે કે પરંપરા. "

બીજો પ્રશ્ન આવ્યો: " શ્રુતિમાં ભ્રમણા પણ હોઇ શકે, એને પ્રમાણભૂત કેમ મનાય ? "

" શ્રુતિનો આધાર વેદ: વેદ અપૌરૂષેય છે. એ તો તમારે માન્યે જ છૂટકો. " યજ્ઞવાદના યુક્તિવાદની આ સામાન્ય રૂપરેખા થઇ.

બાળજીવોને ભલે એ યુકિતવાદથી સંતોષ થાય, પણ સ્વતંત્ર વિચારકોને એથી સંતોષ ન થયો. એમણે વધુ વિચાર કરવા માંડયો અને એ વિચારને પરિણામે એમને જન્માંતરના રહસ્યની કંઈક ઝાંખી થઇ. જન્માંતરની સાથે આત્માના અસ્તિત્વની શ્રદ્ધા વધુ દ્રઢીભૂત બની. પણ આત્માના સ્વરૂપનો નિર્ણય કરતાં એમને અનેક ગુંચવાડામાંથી પસાર થવું પડયું. એકે કહ્યું: પ્રાણવાયુ છે તે જ આત્મા છે. બીજાએ કહ્યું: મન એ જ આત્મા. ત્રીજાએ કહ્યું: વિજ્ઞાન એ જ આત્મા. ચોથાએ જરા વધુ આગળ જઇ ઉચ્ચાર્યું: " જે આનંદમય છે તે જ આત્મા. " આમ આત્માના નિર્ણયને લગતો પ્રવાહ આગળ ચાલ્યો.

આત્માની પછી તરત જ બીજો પ્રશ્ન આ સમસ્ત વિશ્વઘટનાને અંગે ઉભો થયો. આ સુંદર દેહ, આ પહાડ, જંગલ, પશુ પ્રાણી, નદી, તળાવ આ બધું કયાંથી આવ્યું ? ઇશ્વર અને જીવ તથા ઇશ્વરના ભેદાભેદ વિષે વિચારકોએ દર્શનની નવી નવી ધારાઓ વહાવી.

શ્રીયુત વિધુશેખર શાસ્ત્રીજીએ, પોતાના લેખમાં એ બધાનું બહુ સુંદર ક્રમિક અને બુદ્ધિગમ્ય વર્ણન આપ્યું છે. નવા નવા વિચારકોએ, કેવા પ્રશ્નો ઉભા કર્યા, એ પ્રશ્નોના ઉત્તરમાં મતભેદ થતાં કેવાં સમન્વય ઉપજાવ્યાં અને આખરે જૈનદર્શનનાં બીજ વૃક્ષરૂપે કેવી રીતે પરિણમ્યાં તે તેઓ બતાવે છે. જૈનદર્શનના સંબંધમાં શ્રી શાસ્ત્રીજીના વિચારો બહુ સમજવા જેવા છે. હવે પછી એમની પોતાની જ વાણીમાં આપણે એ વાત વાંચશું. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન્ તસ્કરો

( ગતાંક પૃષ્ઠ ૨૭ થી શરૂ )

નજીકના ભૂતકાળમાં બનેલો એક સાચો બનાવ અખબાર પઢનારી જનતાથી અજાણ્યો નથી. ક્રોધથી કેટલી હદ સુધી અનિષ્ટ બની જાય છે તેના સાક્ષાત્ પૂરાવા માટે તે બીનાને અતિશયોક્તિના રંગથી રહિત, માત્ર મૂળ હકીકત તરીકે અત્રે રજુ કરવામાં આવે તો તે અસ્થાને નથી.

માતૃપ્રેમ એ સર્વ પ્રેમમાં ઉત્કૃષ્ટ પદે છે. નવ નવ માસ સુધી ગર્ભનો ભાર વહન કરી, પ્રસવકાળની મહાવેદના ભોગવી, માતા પોતાના વહાલસોયા બાળકને જન્મ આપે છે. જન્મ આપ્યા પછી પણ પોતાના દેહના અમી પાઇ તેને ઉછેરે છે. પોતે ભીનામાં સૂઇ પોતાના પ્રિય સંતાનને સુકામાં સુવાડે છે. આવાં અનેક જાતનાં કષ્ટો ઉઠાવીને પણ માતા પોતાના બાળકને ઉછેરે છે. તે માતા બાળક પર ક્રૂર બને એ કેમ સંભવી શકે? સંતાનો મોટાં થઇ માતાનો દ્રોહ કરે તો પણ માતા તો અંતરથી તેને આશીર્વાદ જ આપશે કે મારાં બાળકોનું કલ્યાણ થાઓ. તેનું સુખ જોઇને મારાં નેત્રો ઠરશે. આવી જનેતા પોતાના બે સુકુમાર –દોઢ વર્ષના અને ચાર વર્ષના કિશોર બાળકને ચોથે માળેથી નીચે ફેંકી દે એ કલ્પના જ કેટલી ભયંકર અને દિલ કંપાવનારી છે! આ વાતને કોઇ અસત્ય ન માને. ઉગ્ર ક્રોધના પ્રતાપે મુંબઇમાં બનેલી એ સત્ય બીના છે. નિત્યના ઉગ્ર ગૃહકલેશનું એ દુઃખદ પરિણામ હતું. એકાદ વખતના કલેશ–કંકાસથી તેમ બનવું શકય નથી, પરંતુ એકાંતરે આવો પ્રસંગ ઉપસ્થિત થવા માંડ્યો; કેટલીક વખત તો એ નિર્દોષ કિશોરો માટે પણ નજીવી બાબતમાં કંકાસ થતો. કૌટુમ્બિક ઘોર અજ્ઞાનતાના કારણથી નિત્ય નિત્ય અગ્નિમાં ઘૃત હોમાવાની માફક ઉત્તરોત્તર એ કલેશ વૃદ્ધિ પામતો જ ગયો. અજ્ઞાન એ સર્વ આપદાને નોતરનાર છે; અજ્ઞાન એ સર્વ દુઃખોનું મૂળ છે. આવા પ્રગતિના યુગમાં પણ પીછેહઠ કરાવનાર તેવી અજ્ઞાનતા આપણા ગૃહોમાં ઠેર ઠેર નજરે પડે છે અને તેથી જ સર્વ અનિષ્ટો પ્રગટે છે અહીં પણ તેમજ બન્યું. છેવટે એક અમંગલ પ્રભાતે કલેશ–કંકાસરૂપ દાવાનળની શરૂઆત થઇ. કલેશને અને ક્રોધને તો નિકટનો સંબંધ છે. ક્રોધ વિના કલેશ ન બને અને કલેશ વિના ક્રોધ ન ઉપજે. એટલે તેવા પ્રકારના ઉગ્ર ક્રોધમાં અંધ બનેલી તે માતાએ પોતાના બે બાળકોને અનુક્રમે ચોથે માળેથી ફેંકી દીધા. બાળકોનુ એ વખતનું કરૂણ આક્રંદ અને તે દશ્ય જોનારના હાયકારાનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. ચોથા માળ જેટલે ઉંચેથી નીચેની સખત જમીન પર પડતાંની સાથે જ બન્ને બાળકોનાં સમગ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર લોહીલુહાણ થઇ ગયાં અને મહાન વેદનાથી બન્ને બાળકોના પ્રાણ તત્કાળ ચાલ્યા ગયા. પછી ગમે તેટલો પશ્ચાત્તાપ કરે તો પણ શું વળે? થુંકયું કોઈ પણ રીતે પાછું ગળાય તેમ હતું જ કયાં? એટલે તે નિર્દોષ અને સુકુમાર બાળકો તો સદાને માટે માતાની ગોદમાંથી ગયા તે ગયા જ. ઉગ્ર ક્રોધ કેટલી હદ સુધી પોતાનો ભાવ ભજવે છે અને ક્રોધાંધ મનુષ્ય કેટલી હદ સુધી અયોગ્ય કાર્ય કરી નાખે છે એનો આથી વધુ મજબૂત દાખલો મળવો મુશ્કેલ છે. આ કાર્યમાં માતાનો ઉદ્દેશ બાળકોને મારવાનો ન હોય તો પણ ક્રોધ મનુષ્ય પાસે શું શું કરાવે છે અને માણસની વિવેકશક્તિ અને વિચારશક્તિને કેવી રીતે કુંઠિત કરી નાખે છે તેનું આ સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે.

રાવણ જેવો વિવેકી શ્રાવક પણ અષ્ટાપદ જેવા મહાન્ તીર્થને અને વાલી મુનિને સમુદ્રમાં ફેંકી દેવા સુધી તૈયાર થયો તે પણ ઉગ્ર ક્રોધના જ પ્રતાપે ને?

એક દૃષ્ટાંત છે કે– એક નગરના રાજમાર્ગને ચંડાળ વાળી રહ્યો છે. તે વખતે એક બ્રાહ્મણ સ્નાનાદિકથી શુદ્ધ બની, દેવપૂજાનાં વસ્ત્ર પહેરી ત્યાંથી નીકળ્યો. તેઓમાંથી એકાદની ભૂલથી કે દુર્લક્ષથી તે બ્રાહ્મણનો અને ચાંડાલનો સંઘટ્ટ થઇ ગયો. આથી બ્રાહ્મણ ચંડાલ પર અતિ ક્રોધાયમાન થયો અને ગાળોનો વરસાદ વરસાવવા માંડ્યો. ત્યારે ચંડાલ નમ્રતાથી ક્ષમા યાચી તેને કહે છે કે ભાઇ સાહેબ, કોની ભૂલથી આમ બન્યું તે હું નથી જાણતો તો પણ આપ મને ક્ષમા કરો. ચંડાલના નમ્ર વચનો છતાં બ્રાહ્મણનો પીત્તો વધારે ઉગ્ર થવા લાગ્યો અને યદ્વાતદ્વા બકવા માંડયું. ત્યારે સમયસૂચક એવો તે ચંડાલ બ્રાહ્મણને ભેટી પડ્યો. પછી તો બ્રહ્મદેવનો પારો ચડી જાય એમાં શું નવાઇ? વાત વધી પડી અને છેવટે બન્ને રાજદ્વારે ન્યાય માટે ગયા. સભા સમક્ષ રાજાએ બ્રાહ્મણની વાત સાંભળીને પછી ચંડાલને કહ્યું કે– તું બ્રાહ્મણને કેમ ભેટી પડ્યો હતો તે જણાવ? ત્યારે ચંડાલે કહ્યું કે–હે પ્રજાપતિ! હું બ્રાહ્મણને નહોતો ભેટ્યો પણ મારા જાતિભાઇ ચંડાલને ભેટ્યો હતો. તેના આવા શબ્દોથી સર્વને વિસ્મય થતાં જોઇને ચંડાલ ઘટસ્ફોટ કરે છે કે–રાજન્! હું તો ચંડાલ જાતિ છું પરંતુ તે કુળથી બ્રાહ્મણ હોવા છતાં તે વખતે તેનામાં ઉગ્ર ક્રોધરૂપ ચંડાલનો આવિર્ભાવ થયો હતો તે જોઇ હું ક્રોધરૂપ ચંડાલ કે જે મારો જાતિભાઇ થાય તેને મળવા માટે ભેટ્યો હતો. આ સિવાય મારો અન્ય કાંઇ આશય ન હતો. આમાં મેં અયોગ્ય શું કર્યું છે?

આ કથા પરથી સારાંશ એ જ લેવાનો છે કે ક્રોધરૂપ ચંડાલથી બહુ જ સાવધાન રહેવાની જરૂર છે, નહીંતર તે કયારે છળીને માણસમાં પ્રવેશ કરશે તે કહી શકાતું નથી. હવે ક્રોધના ઉત્પત્તિ સ્થાનનો અને તેના વિનાશનો વિચાર કરીએ.

૧ કલેશ–કંકાસ–ઝગડા ઇત્યાદિ વખતે કદિ પણ છૂટથી ન બોલી શકનારમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ વકતૃત્વશક્તિ આવી જાય છે અર્થાત્ કે તેવે વખતે ક્રોધનો એટલો બધો પ્રબળ વેગ મનુષ્યમાં આવે છે કે જેથી તે સારાસારના વિવેકનું ભાન ભૂલીને એકધારૂં બોલ્યે જ જાય છે અને તેથી કેટલુંય આડું વેતરાઇ જાય છે. આમ ક્રોધની શરૂઆત કલેશથી ગણી શકાય.

૨ કોઇ માણસની પ્રત્યાઘાતી વલણ વખતે પણ ક્રોધ મૂર્ત સ્વરૂપ ધારણ કરે છે.

૩ માર્મિક અને કટાક્ષમય વાકયો કોઇ આપણા પ્રત્યે બોલે તો આપણામાં અને આપણે અન્યના પ્રતિ તેવાં વાકયો બોલીએ તો સામેની વ્યક્તિમાં તીવ્ર ક્રોધનો આવિર્ભાવ થાય છે.

૪ અતિશય હાંસી–મશ્કરી કરવાથી પણ ક્રોધ ઉપજે છે. તે માટે કહેવત છે કે: "રોગનું મૂળ ખાંસી ને વિનાશનું મૂળ હાંસી."

૫ કોઇ નિંદા કુથલી કરતાં તેમાં કેટલો સત્યાંશ છે તે તો જોવાતો જ નથી. તે વાત જેના વિષે નિંદા આદિ થયેલ હોય તેની પાસે જાય ત્યારે તેને દુઃખ અને ક્રોધ ઉપજે જ અને તેથી વ્યર્થ કડવાશ ઉત્પન્ન થાય.

૬ વારંવાર ટોંકટોંક કરવાથી–સાસુ વહુને ટોંકે, પિતા પુત્રને ટોંકે, પુરૂષ સ્ત્રીને ટોંકે, શેઠ નોકરને ટોંકે શિક્ષક વિદ્યાર્થીને ટોંકે, એમ વારંવાર કરવાથી તેઓમાં ક્રોધ ઉત્પન્ન થઇ આવે તે સ્વાભાવિક જ છે. એ ન ભૂલવું જોઇએ કે વહુ, પુત્ર, સ્ત્રી, નોકર કે વિદ્યાર્થી એ પણ મનુષ્ય જ છે અને તેઓને પણ વ્યક્તિત્વ હોઇ શકે છે. અલબત્ત, આવશ્યકતા પૂરતું મીઠી ભાષામાં કહેવું તે ઠીક છે, પરંતુ વારંવાર ટોંકવાથી માણસ નિંભર થઇ જાય છે અને પરિણામે કાં તો ક્રોધની ઉત્પત્તિ થાય છે અથવા તો એની કર્ણેંદ્રિય એવા શબ્દો સાંભળવાને ટેવાઇ જાય છે અને તેથી તન અને મન વધારે શિથિલ બને છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોઇએ તો જે કાર્ય મીઠાશ–મિષ્ટભાષીપણાથી થઇ શકે છે તેથી અર્ધ ભાગનું પણ કડવાશથી નથી બનતું.

કલેશને માટે તો આપણામાં ખાસ કહેવત છે કે નિત્યના કલેશથી ગોળાના પાણી પણ સૂકાઇ જાય છે અને શ્રીદેવી તેવાં ગૃહોમાં આવતાં અટકી જાય છે અને હોય તો સીધાવે છે. ઘણા પ્રસંગોમાં નિત્યના કલેશથી ક્રોધાંધ બની મનુષ્ય આત્મઘાત જેવું વિષમ પગલું પણ ભરવા પ્રેરાય છે. આમ સમજીને પણ સુજ્ઞ જનોએ કલેશ–કંકાસથી વિરમવું ઉચિત છે. વળી કોઇની નિંદા કુથલી કરવી એ તો બહુ જ ખરાબ છે. તેમ કરવું તે કોઇની પીઠ પાછળ ઘા કરવા સમાન છે. એમાં લેશ પણ સજ્જનતા નથી. વળી તેથી તેનું કાંઇ નથી બગડતું પણ નિંદા કરનારનો આત્મા મલીન થાય છે.

બ્હેનોમાં પ્રાય: સમજણનો, શિક્ષણનો, સંસ્કારનો અભાવ હોવાથી આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુથલી યાને નિંદા તેઓમાં જોવાય છે. તેને માટે ઘરના સુશિક્ષિત જનોએ એવું સુંદર વાતાવરણ બનાવવું જોઇએ કે જેથી ગૃહકામમાંથી અને વાંચનનાદિમાંથી નવરાશ મળે ત્યારે કોઇની વાત કરવા જાય ને? તેવો વખત જ ન મળે તેવો પ્રબંધ કરવો ઉચિત છે.

કોઇની હાંસી-મશ્કરી કરવી, માર્મિક કટાક્ષયુક્ત વચનો વાપરવાં તેમાં લેશ પણ સજ્જનતા નથી. દરેક વસ્તુનો સદ્ અને અસદ્ એમ બન્ને પ્રકારે ઉપયોગ થઇ શકે છે તેવી જ રીતે જીભનો સદુપયોગ અને દુરૂપયોગ બન્ને થઇ શકે છે; તો શા માટે કાંટા વાવવા જોઇએ? વાવેલ કાંટા કોઇ વાર પણ પોતાને નડે એ ચોક્કસ જ છે. તમે આજે કોઇને અયોગ્ય શબ્દો કહેશો તો અત્યારે નહીં તો તેનો વખત આવ્યે તે તમને કહી સંભળાવશે. આથી ફાયદો શું નીકળ્યો? લાખના સાઠ હજાર કરવાની જરૂર શી? મીઠી ભાષા વાપરવામાં પૈસા થોડા જ બેસે છે? વિના પૈસે ગુલાબ વાવો કે જેથી ભવિષ્યમાં પણ મીઠી ફોરમ-સુવાસ તમને મળે.

મીઠા-મધુર શબ્દો એ મહાન્ આકર્ષણ છે; માણસ જ્યાં જાય ત્યાં મધુર ભાષાથી માર્ગ કરી શકે છે.

શાસ્ત્રકારોએ તો કડવી ભાષા સત્ય હોય તો પણ અસત્ય જેવી જણાવી છે. તેનો હેતુ દરેક મધુરભાષી મનુષ્ય તો સમજી જ શકશે. હા, એટલું ખરૂં કે-જીભે મધ જેવા મીઠા થવું અને હૃદયમાં હળાહળ રાખવું એ તો અતિશય ખરાબ છે-દંભ છે અને અધોગતિમૂલક છે, તે કરતાં તો જેવા હોઇએ તેવા દેખાવું ઠીક છે. આપણો આશય એ જ છે કે નિર્દંભપણે મીષ્ટભાષી થવામાં દામ બેસતા નથી અને તેથી સૌને શાંતિ જ થાય છે.

રણક્ષેત્રમાં લડનાર સૈનિક પોતાની સાથે ઘણા શસ્ત્રાસ્ત્રોની સાથે ઢાલને પણ લઇ જાય છે તથા લોખંડનું મજબૂત કવચ બદન પર ધારણ કર્યું હોય છે. ઢાલનું કામ સામેનાં શસ્ત્રાસ્ત્રોને પોતાના પર ઝીલી લઇ પોતાના માલીકનું રક્ષણ કરવાનું હોય છે. તેવી જ રીતે આ સંસારક્ષેત્રમાં અનેક વાર ક્રોધના પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે શાંતિરૂપ વજ્રકવચ અને ક્ષમારૂપ ઉત્તમ ઢાલથી સ્વાત્મનું રક્ષણ કરીએ તો મોહ રાજાના મહાસુભટ ક્રોધના સર્વ શસ્ત્રાસ્રો વ્યર્થ જાય છે, તેની અસર થઇ શકતી નથી. ક્રોધાદિક વખતે એકલો માણસ કેટલી વાર ટકી શકે? બે હાથ વિના તાળી પડે જ નહીં, એટલે એકની બરફ જેવી શાંતિ બીજાને સ્હેજે ઠંડો બનાવી જ દે તે સ્વાભાવિક છે. કદાચ તેવે પ્રસંગે શાંતિ જળવાય તેમ ન જણાય તો તે સ્થાનનો ત્યાગ કરી ત્યાંથી ચાલ્યા જવું યોગ્ય છે. આમ ક્રોધના નિમિત્તોને દૂર કરવા યથામતિ પ્રયત્ન કરવો એ હિતકર છે.

[ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક જીવન

( ગતાંક પૃષ્ઠ ૧૬ થી ચાલુ )

અનુ૦ અભ્યાસી.

આજકાલના આ કર્મવાદ ( Activism ) ના યુગમાં શ્રી રામકૃષ્ણનો આ ઉપદેશ ઘણાએ લોકોને અત્યંત કડવો લાગે છે. સ્વામી વિવેકાનંદના કર્મમય જીવનનો બાહ્ય ભાવ જ તેણે દેખાડયો છે. ભારતવર્ષ ત્રણ હજાર વર્ષ સુધી જીવનના સર્વ ક્ષેત્રોમાં, રાષ્ટ્રમાં, સમાજમાં, શિલ્પમાં, વાણિજ્યમાં, સાહિત્યમાં અપૂર્વ કર્મશકિત, સૃષ્ટિશકિત દેખાડીને કાલ–પ્રભાવથી અવસન્ન થઈ ગયો હતો. એ અવસન્નતા છોડીને એ ફરી વાર કર્મમય જીવનની તરફ ઝૂકી રહ્યો છે એ શુભ ચિહ્ન છે, પરંતુ સાથોસાથ એ પણ જોવું જોઈએ કે ભારતની જે પ્રાચીન શકિત આધ્યાત્મિકતા છે, જેને લઇને હજારો ઉત્થાન–પતનોની વચ્ચે પણ તે પોતાનું વૈશિષ્ટ્ય સુરક્ષિત રાખી રહેલ છે, જગતને વાસ્તવિક કલ્યાણનો માર્ગ દેખાડવાનું સામર્થ્ય તથા યોગ્યતા પ્રાપ્ત કરી શકેલ છે તે શકિતની અવહેલના કરીને તે અત્યારે પાશ્ચાત્ય જગતનું વ્યર્થ અનુકરણ કરવા ન લાગી જાય, પરધર્મ ગ્રહણ કરવાના મારાત્મક મોહમાં પડીને પોતાની જાતને ન ભૂલી જાય. સાધારણ લોકોમાં કર્મત્યાગની શિક્ષાનો પ્રચાર કરવાથી તેની અંદર બુદ્ધિભેદ ઉત્પન્ન થાય છે. તે લોકો તામસિકતાને જ વૈરાગ્ય સંન્યાસ વગેરે મોટાં મોટાં નામ આપીને અપનાવી લે છે. એટલા માટે જ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે—

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान् युक्तः समाचरन् ॥

' જે લોકો અજ્ઞાની છે, કર્મમાં આસક્ત છે તેઓનો બુદ્ધિભેદ ન કરો. ( અર્થાત્ કર્મની બીજી તરફ લઇ જઇને તેની બુદ્ધિ વિચલિત ન કરો.) જ્ઞાની વ્યકિત ભગવાનની સાથે જોડાઇને જ્ઞાનપૂર્વક સર્વ પ્રકારના કર્મ કરે છે અને એ રીતે તે કર્મોમાં મંડયા રહે છે. શ્રીકૃષ્ણે પોતે સર્વ કર્મો કરીને મનુષ્યોની સામે કર્મમય જીવનનો આદર્શ મૂકી દીધો છે, કિન્તુ તેના કર્મ એ સાધારણ મનુષ્યના કર્મ નહિ, એ તો જ્ઞાનીના કર્મ, યોગીના કર્મ, દિવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ કરતાં જેઓએ આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કર્યું છે તેઓ માટે જ દિવ્ય કર્મ કરવાનું સંભવિત છે. સઘળા લોકો એ દિવ્ય જીવન, દિવ્ય કર્મના અધિકારી નથી હોતા, અને અધિકારી સિવાય બીજાને એનું શિક્ષણ આપવું એ વિપત્તિજનક છે. એ જ ભારતની લાંબા વખતની નીતિ છે, પરંતુ એ કારણથી સાધારણ મન–બુદ્ધિના જીવનને જ અધ્યાત્મજીવન અને સાધારણ રાજસિક કર્મને જ કર્મયોગ માનવું એ ભૂલભરેલું છે. સાધારણ લોકોનો બુદ્ધિભેદ ન થાય એટલા માટે સ્વામી વિવેકાનન્દ જે કર્મ જીવનનો ઉપદેશ આપતા હતા તેનાથી આપણી અંદર અંદર અનેક લોકોનો બુદ્ધિભેદ થઇ ગયો છે, આપણે સેવાધર્મને જ અધ્યાત્મ જીવનની પરાકાષ્ઠા માનતા શીખી ગયા છીએ.

જે અધ્યાત્મજીવન લાભ કરી ચૂકેલ છે તે કર્મ નહિ કરવા એ નથી. સંસારના જેટલા આવશ્યક કર્મ છે એ સર્વ તેઓ કરી શકે છે '**जोषयेत्सर्व-कर्माणि**' પરંતુ એ કર્મ કરતાં છતાં તેઓને સાધારણ મનુષ્યની માફક અજ્ઞાનવશ બનીને, અહંકારદ્વારા ચાલીને પગલે પગલે ભૂલવું કે ભટકવું નથી, પણ તે સમયે તેઓ પોતાની જ્ઞાનદૃષ્ટિથી જોઇ શકે છે કે કયારે કયું કયું કર્મ કરવું પડશે, કયા રૂપમાં કરવું પડશે, તેનું ફૂલાફૂલ શું થશે. ભગવત્ શકિતના સંજ્ઞાના યંત્રના રૂપમાં તે જગતમાં ભગવાનની ઇચ્છા પૂરી કરે છે અને એ જ કર્મનું વાસ્તવિક કૌશલ છે. '**योगः कर्मसु कौशलम्**' પરંતુ એ કૌશલને અધિકારમાં લાવવાનું સ્હેલું નથી. રાજા જનક કર્મયોગીનું દૃષ્ટાંત છે. શ્રી રામકૃષ્ણ કહ્યા કરતા હતા કે અકસ્માતથી કોઈ રાજા જનક નથી બની શકતો. રાજા જનકે નિર્જન સ્થાનમાં આકરી તપશ્ચર્યા કરી હતી. બે દિવસ સાધના કરીને અથવા કોઇ જાતની અધ્યાત્મ સાધના, યોગ સાધના કર્યા વગર જે લોકો મહાપુરૂષ બની બેઠા છે તેઓએ અધ્યાત્મ જીવનની એક દિલગી માની લીધી છે. સંસારમાં શુદ્ધ વસ્તુ માત્રનું અનુકરણ કરવામાં આવે છે પરંતુ એટલા માટે આપણે જો શુદ્ધ વસ્તુનો આદર કરતા ન શીખીએ તો તે આપણું પરમ દુર્ભાગ્ય છે. શુદ્ધ આધ્યાત્મિક જીવન કેવી રીતે પમાય તે શ્રીરામકૃષ્ણ બતાવી ગયેલ છે તેઓ પોતાના દિવ્ય જીવન અને ઉપદેશોદ્વારા આપણા હાથમાં આધ્યાત્મિક જીવનની કસોટી આપી ગયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ આધ્યાત્મિક જીવન બહારની વસ્તુ નથી, એટલે અંદરની વસ્તુ છે. બહારથી કોણ શું કરે છે, શું નથી કરતું, ' किमासीत व्रजत किम् ' એનાથી તેની આધ્યાત્મિકતાનો પરિચય નથી થતો. જેણે આત્માને ઓળખી લીધો છે અને જે તેની અંદર પ્રતિષ્ઠિત થઇ ગયો છે તે જ ખરો આધ્યાત્મિક છે. આ પ્રકારની વ્યકિત સર્વ પ્રકારની વાસના-કામનાથી મુક્ત, સર્વ પ્રકારના અહંભાવથી મુકત, સુખ-દુઃખમાં, જય-પરાજયમાં, માન-અપમાનમાં સમતાયુકત, સઘળી અવસ્થાઓમાં આત્માની શાંતિમાં, જ્યોતિમાં, આનંદમાં નિમગ્ન રહે છે; પરંતુ એ સઘળા છે અંદરના લક્ષણ, બહારના કોઇ પણ માપથી એનું માપ નથી કરી શકાતું. જે વ્યકિત સઘળા કર્મોનો પરિત્યાગ કરીને ઇંટ પથ્થરની માફક નિશ્ચલ થઇ જાય છે એ જ એ અવસ્થા પ્રાપ્ત કરે છે એમ નથી, પરંતુ એ અવસ્થા પ્રાપ્ત કરવાથી જ મનુષ્ય પથ્થરની માફક એકદમ નિર્વાક, નિષ્પન્દ, નિષ્ક્રિય થઇ જાય છે એમ પણ નથી, ઉલ્ટું અંદરની શાંતિ તેમજ સમતાની એ અવસ્થાથી જે કર્મ પોતાની મેળે જ સંપન્ન થાય છે તે જ દિવ્ય કર્મ. એ અવસ્થામાં મનુષ્યના પોતાના કોઇ કર્મ નથી રહેતા, તેને કોઈ લાભ-સ્વાર્થ નથી રહેતો, કોઇ ઇચ્છા નથી રહેતી; તેને તો ભગવત્પ્રેરણા અબાધિત રીતે તેની અંદર રહીને કામ કરે છે અને તેના સઘળા કર્મ અભ્રાંત અજેય, જગત્‌ને માટે પરમ કલ્યાણકારક હોય છે. મનુષ્યના અંતઃકરણમાં દરેક ક્ષણે કેટલી કેટલી ચિંતાઓ વ્યાપે છે, કેટલા સંકલ્પ ઉઠે છે એ સર્વને ભગવદ્‌વાણી, ભગવન્નિર્દેશ માની લેવા જેવું બીજું કશું વિપત્તિજનક નથી. સંસારમાં જુદા જુદા પ્રકારની અદૃશ્ય, અશુભ શક્તિઓ કામ કરે છે એ સર્વ બધો વખત મનુષ્યને ભગવત્‌માર્ગથી કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ કરવામાં રોકાયેલી રહે છે. આપણા સામાન્ય કોઇપણ છિદ્રમાંથી તે આપણી અંદર પ્રવેશ કરે છે, જુદા જુદા રૂપો ધારણ કરીને આપણને ભૂલાવામાં નાંખી દે છે-આપણે તેને ભગવાનની વાણી માની લઇએ છીએ કેમકે તે આપણા અહંકાર, આપણી કામના-વાસનાને અનુરૂપ જ હોય છે. માન, કીર્તિ, ધન, પ્રતિષ્ઠા-એ સર્વ આપણા હાથમાં આપીને તે આપણો સર્વ નાશ કરી નાખે છે. એ રીતે તેઓએ કેટલાય અગ્રગામી સાધકોને માર્ગચ્યુત કર્યા છે. એ રીતે તેઓએ આટલા બધા સમયથી સંસારમાં પોતાનું રાજ્ય, અમંગલનું સામ્રાજ્ય અભંગ રીતે જમાવી રાખ્યું છે, જે કાંઇ સત્ય, સુંદર, શુભ છે તે બધાને વિકૃત, કલુષિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી મૂક્યું છે. એટલા માટે અધ્યાત્મમાર્ગના સાધકને ખૂબ સાવધાની-પૂર્વક ચાલવું પડે છે. સર્વ પ્રકારની વાસનાઓ, કામનાઓને વીણી વીણી બહાર કાઢીને ફેંકી દેવી પડે છે, તેમજ કદાચ કયાંક છુપાઇને આપણો સર્વનાશ ન કરી નાખે, અસુરની વાણીને જ ભગવાનની વાણી તરીકે ગણાવીને ભ્રાન્તિ ઉત્પન્ન ન કરી શકે એટલા માટે કોઈ સદ્ગુરૂની સહાયતા સર્વ પ્રકારે જરૂરની બને છે. આંતરિક નિષ્ઠા, ધૈર્ય, અધ્યવસાયપૂર્વક સદ્ગુરૂના નિર્દેશ અનુસાર જે માણુસ દૃઢસંકલ્પ બનીને સાધના કરે છે તે યથાસમય અધ્યાત્મજીવન પ્રાપ્ત કરે છે જ. વળી એક વખત જે એ જીવનની અંદર પ્રતિષ્ઠિત થઇ જાય છે તેના પતનની પૂરીવાર આશંકા જ નથી રહેતી. તે ગમે ત્યાં રહે, ગમે તે કરે, પરંતુ ભગવાનની સાથે તેનું પરમ જ્યોતિર્મય, આનંદમય મિલન અખંડ રહે છે.

## सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ।

જે માણુસ આ પ્રકારની ભગવત્ કૃપા પ્રાપ્ત કરવા ચાહે છે તેને સૌથી પહેલાં પાપનો ત્યાગ કરવો પડશે, સાત્વિક, સદાચારી, પુણ્યવાન થવું પડશે. પરંતુ સદાચાર અંદરની વસ્તુ છે, બહારની નથી. માણુસ જ્યારે સત્વગુણુદ્વારા રજસ તથા તમસને સંયત કરે છે ત્યારે તે સદાચારી, પુણ્યવાન બને છે. તે આભ્યંતર ક્રિયા છે. બહાર કોણુ શું કરે છે કે શું નથી કરતો, કોને સ્પર્શ કરે છે, કોનું અન્ન ખાય છે એ સર્વ વાતો ઉપર પાપ–પુણ્યનો આધાર નથી. જોવું જોઇએ કે તે કામ ક્રોધ કે લોભથી ચલિત થાય છે કે નહિં. જો અંતર ઉપર એ સર્વનો કશો પ્રભાવ નહિ હોય તો બહારની કોઈ પણુ વસ્તુ મનુષ્યને કલુષિત નથી કરી શકતી, તેમજ જે માણુસ અંદરથી એ સર્વ વસ્તુઓને પોષ્યા કરતો હોય છે. અને કેવળ બહારની શુચિતા–પવિત્રતાને સર્વસ્વ માની બેસે છે તે ગીતાની ભાષામાં ‘ મિથ્યાચારી ’ છે. તેના એ સર્વ આચાર નિષ્ફળ છે. આજકાલ કેટલાય લોકો એવા મિથ્યાચારને જ આધ્યાત્મિક જીવન માની બેઠા છે અને એનો જ પ્રચાર કરી રહ્યા છે. ગીતાજી કહે છે કે કામ, ક્રોધ, લોભ એ ત્રણુ પાપના મૂળ છે, નરકના દ્વાર છે. જે વ્યકિતએ સત્વગુણુદ્વારા, જ્ઞાનબુદ્ધિદ્વારા પરિચાલિત થઇને એ સર્વને સંયત કર્યા હોય છે તે જ સદાચારી, તે જ પુણ્યાત્મા છે; પરંતુ આધ્યાત્મિક જીવન એનાથી પણુ જુદું છે; કારણુ કે મન–બુદ્ધિદ્વારા કામ, ક્રોધ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**જૈન શિક્ષણ પત્રિકા**—વર્ષ ૧લું, અંક ૧લો. તંત્રી **ધીરજલાલ** ટોકરશી શાહ.

**જૈન** શિક્ષણની બાબતમાં કવચિત્ કવચિત્ લેખો **જૈન** પેપરમાં આવે છે, પરંતુ તેના સાધનોનો તથા શિક્ષણ સંસ્થાઓ માટે માર્ગસૂચક કે યોગ્ય ચર્ચા કરવા માટે જુજ લવાજમવાળી **જૈન** સમાજ માટે એક પત્રિકાની જરૂર હતી તે આ પ્રગટ થવાથી તેની આવશ્યકતા પૂરવાર કરે છે. તે દ્વારા શિક્ષણના હિમાયતી અને રસિકોએ પોતાના વિચારો રજુ કરી **જૈન** સમાજ માટે શિક્ષણના આંદોલનને વેગ આપવાની જરૂર છે. આ પત્રિકાના સાહસિક અને શિક્ષણપ્રેમી તંત્રીનું આ કાર્ય ઉત્તેજનને પાત્ર અને સહકાર આપવા જેવું હોઇ ભવિષ્યની તેની આબાદી ઇચ્છીએ છીએ.

---

**બુદ્ધિસાગર**:-જયંતિ અંક વર્ષ ૧લું, અંક ૫ મો. તંત્રી **પરિખ નગીનદાસ** મનસુખભાઈ અમદાવાદ.

---

વગેરે અમુક અંશે વશ કરી શકાય છે, સંપૂર્ણ રૂપે નથી કરી શકાતા. જરા પણ છિદ્ર મળે છે તો તે પોતાનો બદલો વાળી શકે છે. એ રીતે કેટલાય સાધુ સંન્યાસીઓનું પતન થયું છે તેનો કોઈ હિસાબ નથી. શ્રીરામકૃષ્ણ કહ્યા કરતા કે સત્ત્વગુણ સીડીનુ છેલ્લું પગથીયું છે. તેને પણ ઓળંગીને ટોચે પહેંચવાનું છે. એ છેલ્લા પગથીયાને ઓળંગીને ઉપર જવું એ માણસના હાથની વાત નથી. જો ભગવાન પોતે કૃપા કરીને ઉપર ન ઉઠાવી લે તો એ દિવ્ય અધ્યાત્મ જીવનની અંદર કોઈ પણ પ્રવેશ નથી કરી શકતું. એટલા માટે એ છેલ્લા પગથીએ આવીને શ્રી ભગવાન સમીપે પૂર્ણરૂપે આત્મસમર્પણ કરવાની જરૂરત છે. સર્વ કર્તવ્યો, સર્વ નીતિ–રીતિ છોડી દઇને કેવળ તેના જ કૃપાપ્રાર્થી બનીને તેના ચરણમાં શરણ લેવાની જરૂરીયાત છે, એ જ શ્રી ગીતાજીનો પરમ બોધ છે.

**सर्वधर्मान् परित्यज्य, मामेकं शरणं व्रज ।**
**अहं त्वां सर्वपापेभ्यो, मोक्षयिष्यामि मा. शुचः ॥**

સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજની ભક્તિ નિમિત્તે તેઓશ્રીની જયંતી માટે આ અંક પ્રગટ કરવામાં આવ્યો છે. આ અંકમાં આચાર્ય મહારાજનું જીવન બહુ સરલ અને સુંદર રીતે આપેલું છે. દર વર્ષે આ રીતે ગુરૂશ્રીની જયંતી ઉજવવા અમો સૂચના કરીએ છીએ.

**બ્રાહ્મણવાડા**:-લેખક અને સંપાદક મુનિરાજશ્રી **જયંતવિજયજી** મહારાજ. પ્રકટ-કર્તા શ્રી વિજયધર્મસૂરિ **જૈન** ગ્રંથમાળાઃ છોટા શરાફા-ઉજ્જૈન કિંમત રૂા. ૦-૪-૦

મારવાડમાં આવેલ આ પ્રાચીન તીર્થસ્થાનના અવશેષોનો ઉલ્લેખ, તેના શિલાલેખો અને ચિત્રો સાથે આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. આવા પ્રાચીન તીર્થનો આ રીતે પ્રકાશ પાડવાથી **જૈન** ઇતિહાસની વધુ સંકલના બનતી આવે છે જે તે માટે લેખક મહાત્માનો પ્રયત્ન સ્તુતિપાત્ર છે.

**દેવકુલપાટકઃ**-લેખક સ્વર્ગવાસી મહાત્મા શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ.** આવા ઐતિહાસિક ગ્રંથની આ ત્રીજી આવૃત્તિ છે તે જ તેની ઉપયોગિતા સમજાવે છે. પ્રકાશક શ્રી યશોવિજયજી **જૈન** ગ્રંથમાળા-ભાવનગર. પ્રકાશના ગ્રાહક પોસ્ટ ખર્ચનો સવા આનો મોકલશે તેને પ્રકાશક ભેટ તરીકે મોકલશે.

**આર્હત જીવનજ્યોતિઃ**-( ત્રીજી કિરણાવલી ) સચિત્ર. પ્રયોજક અને સં. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. પ્રકાશક જીવનલાલ પન્નાલાલ બાબુ સાહેબ-મલબાર હીલ-મુંબઈ. **જૈન** સમાજ માટે ધાર્મિક વાંચનમાળાની જરૂરીયાત માટે કેટલાક વખતથી ઉહાપોહ થતો હતો. આ કિરણાવલી એવા હેતુથી પ્રકાશન થયેલ ત્રીજું પુસ્તક છે. આ ગ્રંથમાં ૩૧ પાઠ તથા પાંચ પરિશિષ્ટો આપવામાં આવ્યા છે. આ પુસ્તક સંપાદકે લક્ષપૂર્વક તૈયાર કર્યું છે. સંકલના યોગ્ય છે. **જૈન** શિક્ષણ સંસ્થામાં ચલાવવા જેવું તૈયાર કરેલ છે. કિંમત રૂા. ૦-૬-૬

**બાળપ્રવેશિકાઃ**—યોજક અને પ્રકાશક શ્રી **જૈન શ્રેયસ્કર મંડળ**—મ્હેસાણા. **જૈન** ધાર્મિક વાંચનમાળાના સ્વરૂપમાં બાળપોથી-બાળકોને શિક્ષણની શરૂઆત તરીકે ઉપયોગી થાય તેમ તૈયાર કરવામાં આવી છે. ધર્મની મર્યાદા સાચવીને વિષયો લખાયેલા છે. સ્કુલ સિવાય **જૈન** શાળા કે ખાનગી અભ્યાસ તરીકે ઘેર પણ ચલાવી શકાય તેમ છે કિંમત બે આના.

**જૈન દર્શનઃ**—લેખક ન્યાયવિશારદ ન્યાયતીર્થ **શ્રી ન્યાયવિજયજી મહારાજ** જૈન દર્શનનું સામાજિક દૃષ્ટિએ સમજી શકાય તેવી શૈલીએ વિદ્વત્તાપૂર્ણ રીતે આ ગ્રંથ લેખક મુનિરાજશ્રીના હાથે લખાયેલો છે. આ તેની પાંચમી આવૃત્તિ છે તે જ તેની ઉપયોગિતા બતાવે છે. **જૈન** દર્શનનું જ્ઞાન થાય તેવી અનેક હકીકતો આવેલી છે. કિંમત રૂા. ૧-૪-૦ પ્રકાશક **જૈન** સાહિત્ય મંદિર નં. ૯૪૯ મીઠગંજ-પૂના નં. ૨.

**ભગવાન મહાવીરઃ**—યોજક અને પ્રકાશક માવજી દામજી શાહ. ધર્મશિક્ષક બાબુ પી. પી. **જૈન** હાઇસ્કુલ-મુંબઇ કિમત ત્રણ આના. લેખકે શ્રી મહાવીર જયંતી પ્રસંગે મુંબઇમાં **જૈન** મહિલા સમાજમાં કરેલા પ્રવચન વખતે સ્ફુરેલા વિચારો આ બુકમાં આપેલા છે, જેમાંથી આજના સમાજને પ્રેરક તત્વો મળી શકે તેવાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# અમારૂં પ્રકાશન ખાતું.

## છપાયલા ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. રૂા. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતિય અંશ. રૂા. ૩-૮-૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪-૦-૦
૪ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨-૦-૦

## છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ ત્રીજો ભાગ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ.
૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

## ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર. ( તૈયાર છે. ) રૂા. ૦-૨-૦
૨ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬
૩ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૪ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂા. ૧-૪-૦

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

### ( ગ્રથમાળા ) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ ૦-૨-૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ) ૦-૪-૦
૩ શ્રી વીતરાગ-મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર ૦-૪-૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦-૮-૦

## છપાતાં ગ્રંથો.

૧ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા ( ગુજરાતી અક્ષરમાં )
૨ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.
૩ શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૪ ધાતુપારાયણ.
૫ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only